# ગણતરીના દિવસોમાં લાખો રૂપીયાની ચોરીનો ભેદ ઉકેલતી મહિધરપુરા પોલીસ

સુરત શહેર મહિધરપુરા પો.સ્ટે વિસ્તારમાં તા. ૧૮/૦૧/૨૦૧૯ ના ફરિયાદીશ્રી આંગડીયા સર્વિસમાં નોકરી કરતા હોઇ જેઓ સુરત શહેરમાં અલગ-અલગ વેપારીઓ પાસેથી કલેકશન કરી રોકડા રૂપીયા ભેગા કરી પોતાની બેગમાં મુકી તે બેગ એકટીવાના આગળના ભાગે મુકી એકટીવા લઇ પરત ઓફીસે જતા હતા તે વખતે રસ્તામાં કાંસકીવાડ ભાવાની માતાના મંદિર પાસે હરિપુરા ખાતે શ્રી સિધ્ધેશ્વર પાન એન્ડ નાસતા સેન્ટર પર વેફર લેવા માટે ગયેલ અને વેફર લઇ તરતજ પરત આવેલ અને જોયેલ તો એકટીવાની આગળના ભાગે રોકડા રૂ.૨૫,૬૪,૫૪૦/- ભરેલ બેગ જણાયેલ નથી જે બાબતે મહિધરપુરા પો.સ્ટે. I ગુ.ર.નં.૧૩/૨૦૧૯ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ

આ ગુનાના કામે મહિધરપુરા પો.સ્ટે. ના પો.માણસો વર્કઆઉટમાં જોડાઇ સી..સી.ટી.વી. ફુટેજના આધારે ખાનગી બાતમીદારોનુ નેટવર્ક સક્રિય કરતા તપાસ દરમ્યાન સી.સી.ટી.વી ફુટેજમાં દેખાતા વર્ણનવાળો ઇસમ અંગે બાતમી મળતા તાત્કાલીક પોલીસ માણસોની ટીમ તૈયાર કરી રાજસ્થાન રવાના કરેલ અને રાજસ્થાન ખાતેથી આરોપી નામે ફુલચંદ જીવારામ માલવીય જાતે લુહાર ઉ.વ-૩૫ રહે- ઘર નં. ૪૪૨, ન્યુ આબાદી ગર્લ્સ સ્કુલની પાછળ સાદડી થાના –સાદડી તહેસીલ –દેસુરી જી-પાલી રાજસ્થાન નાને પકડી પાડી આરોપી પાસેથી ચોરીમાં ગયેલ રોકડા રૂ. ૨૦,૩૧,૦૦૦/- ની મત્તાનો મુદામાલ કબજે કરેલ.